

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અનાથ છાત્રાલયોમાંથી નાસતી બેટી બચાવો!*
*નારી ગૃહ સંરક્ષણમાં રહેતી બેટી બચાવો!*
*બેટી બચાવો! નરપિચાશ દુષ્ટ દુશ્કર્મીઓથી -*
*ભૃણ હત્યારાં તબીબો-માબાપથી બોટી બચાવો!*

હાઈકુ

*જાતિ-ધર્મનો*
*નાગ હવે એને જ -*
*લે છે ભીંસમાં...*
*(રાજકીય પક્ષો)*

*ચૂંટણી આવી!*
*ચરી ખાનારાઓને -*
*પેઠી છે ચિંતા*
*(ચિંતન બેઠકો શરૂ)*

### ચિંતન

*અનાહતઃ પ્રવિશતિ અપૃષ્ટો બહુ ભાષતે ।*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**મૂઢ (અવિવેકી) અને નરાધમ (નીચપુરુષ) આમંત્રણ વિના જ અંદર પ્રવેશી જાય છે. પૂછ્યું ન હોય તો પણ એ બોલ્યા કરે છે અને અવિશ્વાસુ ઉપર વિશ્વાસ કરે છે.**

**મૂર્ખ-અજ્ઞાની-અવિવેકી લોકો બધી બાબત - વિષયમાં કોઈના પૂછ્યા વિના જ સલાહ-સૂચન-અભિપ્રાય આપતાં રહેતાં હોય છે, જ્યાં સુધી તમને - તમારા જ્ઞાન અનુભવને સન્માનીય સમજવામાં ન આવે ત્યાં સુધી કોઈને પણ પૂછ્યા વિના સલાહ સૂચન ન આપવાં જોઈએ.**

### સુવિચાર

- અન્નનો અપચો એનું નામ ઝાડા, શબ્દનો અપચો એનું નામ ઝઘડા - **અમૃતબિંદુ**
- પોતાનામાં એ બદલાવ લાવો જે દુનિયામાં તમે જોવા માંગો છો - **એસ. ભટ્ટાચાર્ય**
- 'ઈન્સ્પીરેશન' એ એક સોચ છે, જયારે 'મોટીવેશન' એક કારવાઈ છે - **સાધુ વાસવાણી**
- ધન, બળ અને બુદ્ધિ નહીં, સદ્‌ભાવ, સદ્‌જ્ઞાન અને સદાચરણ જ એક બીજાના પૂરક બનીને માનવીને શ્રેષ્ઠતાના શિખરે પહોંચાડે છે - **જનકલ્યાણ**
- પારકી પીડા પોતાની ગણવી તે જ પરમાત્માને પામવાની પગદંડી - **ચંદુલાલ ઠુકરાલ**
- જિંદગી એટલે જાતને શોધવી એમ નહિં - **બર્નાડ શો**
- આજનું ઔષધ : ઘી માં શેકેલા કાંદા સાથે શીરો ખાવાથી માંદગીમાંથી ઊઠ્યા પછી આવેલી અશક્તિ દૂર થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ચીનમાં એક કલાપ્રેમી રાજા હતો, તેમણે વિશ્વના મહાન માણસોની સારા ચારસો મૂર્તિઓ બનાવડાવી એક મોટા ઓરડામાં રાખી હતી. ખૂબ સાંભળથી મૂર્તિઓની સાફસફાઈ તથા જાળવણી થતી રહેતી. સમ્રાટ વિચાર્યું કે એક સરસ સંગ્રહાલય બનાવડાવું અને આ બધી મૂર્તિઓ ને ત્યાં કાચની પેટીમાં મૂકી વધુ સંભાળપૂર્વક જાળવણી કરવી. એણે આજ્ઞા કરી કે આ મૂર્તિઓ ને ખસેડવામાં હું સાથે જ રહીશ. જો મૂર્તિને જરાક પણ નુકસાન થશે તો મોતની સજા કરીશ.

મજૂરો બોલાવ્યા અને રાજાની અંગત દેખરેખમાં મૂર્તિ ખસેડવાનું શરું થયું. પણ રાજાની હાજરીની ગભરાહટમાં એક મૂર્તિ તૂટી ગઈ, તે મજૂરને મોતની સજા કરવામાં આવી. બીજા મજૂરથી પણ મૂર્તિની ડોક અલગ થઈ ગઈ. એટલે એને પણ મોતની સજા થઈ. હવે બીજા કોઈ મજૂર મૂર્તિ ફેરવવાનું કામ કરવા તૈયાર ન હતો, તેવામાં એક યુવાન આગળ આવ્યો. તેણે કહ્યું 'મહારાજ, આ બધી જ મૂર્તિઓ તે સંગ્રહાલયમાં વ્યવસ્થિત ગોઠવી દેશે. પણ શરત એટલી કે ત્યાં રાજાએ હાજર રહેવાનું નહીં અને 'જો મારાથી મૂર્તિ ખંડિત થાય તો મોતની સજા મંજૂર' મજૂરને લીલી ઝંડી આપી. અને મજૂરે હથોડો લઈ બધી જ મૂર્તિઓ તોડી નાખી. સમ્રાટ ને ખબર પડી એટલે દોડતો આવ્યો. મજૂરે મસ્તક ઝુકાવી મોતની સજા માગી અને સમ્રાટને કહ્યું, 'મે ચારસો પિસ્તાલીસ મજૂર બાંધવોના જીવ બચાવ્યા છે. જે રાજયમાં જીવતાં માણસ કરતાં મૂર્તિનું મહત્ત્વ વધુ હોય ત્યાં જીવવું કે મરવું સરખું જ છે.' ત્યારે સમ્રાટની આંખ ખૂલી.

# કોંગ્રેસની રણનીતિ જૂથબંધીને ડામી શકશે...

**તંત્રીસ્થાનેથી...**

આખરે કોંગ્રેસની પ્રદેશ કારોબારી સમિતિ સમક્ષ પ્રદેશ પ્રભારી અશોક ગહલોત અને કોંગ્રેસનાં રાષ્ટ્રીય ઉપ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલની ઉપસ્થિતિમાં જાહેરાત થઈ જ ગઈ. અશોક ગહલોતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોઈ એક નેતાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે આગળ ધરવામાં નહીં આવે. હાઈકમાન્ડ ચૂંટણી પરિણામો આવી ગયા પછી જ મુખ્યમંત્રી નક્કી કરાશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ક્ષત્રિય છે, વળી પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર હોઈ એમને ક્ષત્રિય સમાજ સહિત 'ઓબીસી' જાતિઓના સમર્થનની શક્યતા પણ છે. રાજકારણીઓથી વર્ષો પૂર્વે ક્ષેત્રસંન્યાસ લીધેલ હોવા છતાં માધવસિંહની ગુડવિલ અકબંધ રહેવા પામી છે. એમણે ૨૭ ટક અનામત આપવાનો નિર્ણય કરી તત્કાલીન બક્ષીપંચ જ્ઞાતિઓના હૃદયસમ્રાટ કે મસીહા જેવી ઈમેજ ઊભી કરી હતી. આ અનામતને કારણે જ એમને ધારાસભામા '૧૪૯ જેટલી રેકોર્ડ બ્રેકર બહુમતી મેળવ્યા છતાં પોતાનું મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું. અહમદ પટેલે વાજબી રીતે જ કહ્યું છે કે ભાજપ જે આંકડો આંબવાનાં સપનાં જુએ છે એ કોંગ્રેસ તો હકીકતમાં આંબ્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતા તરીકે રહી ચૂકેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસ સાથે જોડાયા પછી વફાદારીપૂર્વક પાર્ટીનું અને વિપક્ષી નેતા તરીકેનું કર્તવ્ય નિભાવી રહ્યા છે. મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ આગોતરું જાહેર કરવાની એમની માગણી હાઈકમાન્ડે સ્વીકારી નથી. એમ કરવા જતાં વર્તમાન પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના ટેકેદારો નારાજ થાય એવી શક્યતા હતી. આથી કોંગ્રેસ હાઈકમાન્ડે મુખ્યમંત્રીપદનો નિર્ણય ચૂંટણીમાં બહુમતી મળ્યા પછી જ કરાશે એવો નિર્દેશ આપી નવા પ્રદેશ પ્રભારીને ગુજરાત મોકલ્યા હતા. કોંગ્રેસ માટે જૂથવાથ એ જૂનો, ખાનદાની રોગ છે. કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવતી રહી છે. ગુજરાતમાં રતુભાઈ અદાણી, ચીમનભાઈ પટેલ, ઝીણાભાઈ દરજી, અનંત મહેતા, નરસિંહ મકવાણા, કે માધવસિંહ સોલંકી, પ્રબોળ રાવળ અને અમરસિંહ ચૌધરી સહિત તમામ મોટા નેતાઓ જૂથોમાં વહેંચાતા અને વહેરાતા રહ્યાં છે. આ મુદ્દે કોંગ્રેસનો હાઈકમાન્ડ વાકેફ છે, એટલે અગાઉ વર્ષો સુધી ગુજરાત કોંગ્રેસના પ્રભારી રહેલ ગુરુદાસ કામત સાથેની શંકરસિંહ વાઘેલાની ખાનગી બેઠકની નોંધ લઈ એમને તત્કાળ ખસેડી લઈ એમની જગ્યાએ અહમદ પટેલના અંગત મિત્ર અશોક ગહલોતની નિમણૂક કરી દેવાઈ હોય તે બનવાજોગ છે. ગુજરાત કોંગ્રેસના તમામ સિનિયર આગેવાનો ખભેખભો મિલાવી ચૂંટણીમાં 'પંજા'ને વિજયી બનાવે તે જ બાબત પર ભાર મૂકી જૂથબંધી વગર ફક્ત જીતી શકે એવા જ ઉમેદવારો પસંદ કરવાનો નિર્ણય જાહેર કરાયો છે. જો કે ટિકિટોની વહેંચણી વખતે મુખ્યમંત્રીપદના દાવેદારો સખણા રહેશે કે કેમ તે સવાલ જ છે. હાલ પૂરતા તો શંકરસિંહ વાઘેલા સહિત બધા આગેવાનો એમ જ કહેવાના કે પોતે મુખ્યમંત્રી પદની રેસમાં નથી. પરંતુ પોતાના જૂથના કાર્યકરોને ટિકિટ અપાવવા બધા જ એડી ચોટીનું જોર લગાવશે તે નક્કી છે. ઘણાં વર્ષોથી સત્તા ભોગવી રહેલી ભારતીય જનતા પાર્ટી સામે કોંગ્રેસ પડકાર ઊભો કરી શકે એવા સંજોગો પણ છે. એથી સ્તો ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત સાહના આંટાફેરા વધી ગયા છે. ગુજરાતમાં ત્રીજા પરિબળ તરીકે આમ આદમી પાર્ટી ઊપસે એવી શક્યાત નહીંવત છે. પણ અલ્પેશ ઠાકોરે ઓબીસી સેનાના નેજા હેઠળ ચૂંટણીમાં ઝંપલાવવાની જાહેરાત કરી છે ત્યારે એમના ઉમેદવારો કોને ફાયદો કે નુકશાન પહોંચાડશે એ તો સમય જ કહેશે. અલબત્ત, આગામી ચૂંટણી નરેન્દ્ર મોદી અને અહમદ પટેલથી લઈ તમામ વરિષ્ઠ નેતાઓ માટે લિટમસ્ ટેસ્ટ બની રહેશે.

# કમળો એટલે શું?



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

સ્મિતાબેનનો લોહીનો રીપોર્ટ આવી ગયો. ડૉક્ટરે કહ્યું જો મારું નિદાન કમળો હતું અને કમળાના જ રીપોર્ટ આવ્યા છે. સીરીમ બેલીરુબીન ૩ મીલીગ્રામ એસ.જી.પી.ટી. ૪૦૦૦ યુનિટ આવ્યું. એચ.બી.એસ.એ.જી. નેગેટીવ આવ્યું. રમેશભાઈએ લોહીના રીપોર્ટ જોયા અને તેમના મનમાં અનેક વિચારો ફૂટવા માંડ્યા. આ બેલીરુબીન શું છે? આ એસ.જી.પી.ટી. શું છે? આ એચ.બી.એસ.એ.જી. શું છે? ડૉક્ટરે કહ્યું અને આપણે માને લીધું. આપણે પણ સમજવાની જરૂર છે ને ભાઈ? એવું રમેશભાઈએ એમના સગા-વ્હાલાને કહ્યું. બધાએ કહ્યું આ રમેશભાઈ તમે સો ટકા સાચા છો. ચલો, આપણે બધાં ડૉક્ટરે તેની કેબીનમાં જઈ તેમનો ટાઈમ લઈ અને એમની પાસે રીપોર્ટ અને દર્દી વિશેની ચર્ચા કરીએ અને કમળા વિશે જાણીએ....

રમેશભાઈ બધા સગા-સંબંધી સાથે ડૉક્ટરેની કેબીનમાં ગયા. ડૉક્ટર જરા કામમાં હતા અને એમણે પાંચ મિનિટ પછી બધાને સમજાવવાનું કહ્યું. પણ ત્યાં સુધી કેબીનમાં બેસો. ડૉક્ટરે રમેશભાઈને કહ્યું હા રમેશભાઈ, બોલો શું પ્રશ્ન છે તમારો? રમેશભાઈએ કહ્યું કે આ સ્મિતાબેનને સવારે અચાનક પેટમાં દુખવા માંડ્યું. અશક્તિ લાગી, ઉબકા આવ્યા અને સ્મિતાબેન જરા પાંચ મિનિટ માટે પડી ગયા અને લોહીના રીપોર્ટમાં સાબિત થયું કે સ્મિતાબેનને કમળો છે. તો ડૉક્ટર સાહેબ કમળો એટલે શું? અને એ કેવી રીતે થાય? ડૉક્ટરે કહ્યું કમળો એટલે શરીરમાં પીડાશ થવી. એટલે કે લોહીમાં બેલીરુબીન એટલે કે લોહીની પીડાશ કહી શકાય. બીજું લીવર ઉપર કમળાના લીધે સોજો આવે અને સોજો આવવાના લીધે એસ.જી.પી.ટી. નામનો ટેસ્ટ વધારે આવે. જેટલો વધારે સોજો એટલું જ વધારે એસ.જી.પી.ટી. લેબોરેટરીના રીપોર્ટમાં આવે. રમેશભાઈ બોલ્યા. પણ ડૉક્ટર સાહેબ આ એચ.બી.એસ.એ.જી. શું છે? એમાં તો કંઈક આંકડા લખ્યા છે. પણ કઈ ખબર નથી પડતી. ડૉક્ટરે કહ્યું એચ.બી.એસ.એ.જી. એટલે હીપેટાઈટીસ બીનો માર્કર છે. એટલે કે કમળો ક્યા પ્રકારનો છે, તે આપણને ખબર પડે છે. રમેશભાઈ મૂંઝાયા. ડૉક્ટર કંઈ ખબર નથી પડતી કે તમે શું કહેવા માંગો છો, એ કાંઈ જ ખબર પડતી નથી. જરા વ્યવસ્થિત સમજાવો. ડૉક્ટરે એક કોરો કાગળ લીધો અને પેન લીધી અને રમેશભાઈ અને તેમના સગાને સમજાવવા માટે પ્રયત્ન કર્યો. ડૉક્ટરે રમેશભાઈ અને તેમના સગાને પ્રશ્ન કર્યો. તમને ખબર છે કે કમળો શેના લીધે થાય છે. સ્મિતાબેનની દીકરી જે માઈક્રોબાયોલોજીમાં અભ્યાસ કરતી હતી તેણે ડૉક્ટરે કહ્યું કે હા મને ખબર છે કમળો એ વાયરસથી થાય છે. ડૉક્ટરે કહ્યું ખૂબ સરસ. બરાબર છે કમળો એ વાયરસથી થાય છે. હવે, બહુ સહેલું છે કે ક્યા પ્રકારના વાયરસથી ક્યા પ્રકારનો કમળો થાય. એ આપણે તપાસ કરવી જ રહી. કારણ કે જુદા જુદા કમળાના વાયરસથી શરીર ઉપર જુદી જુદી અસર થાય છે અને કમળો ક્યારે મટશે અથવા તો કમળામાં અવસાન થશે કે નહીં થાય અથવા તો દર્દી ઝડપથી સાજો થઈ જાય માટે આ કમળાના વાયરસ ઓળખવા પડે. રમેશભાઈ બોલ્યા હા તો બહુ જ અગત્યનું છે. મતલબ એચ.બી.એસ.એ.જી. નેગેટીવ છે, એટલે સ્મિતાબેનની તબિયત ઝડપથી સારી થઈ જશે ને... ડૉક્ટરે કહ્યું એચ.બી.એસ.એ.જી. નેગેટીવ હોય એટલે હીપેટાઈટીસ બી નથી એવું સાબિત થાય છે. એટલે સ્મિતાબેન ઉપર જોખમ ઓછું છે. સ્મિતાબેનની દીકરીએ ડૉક્ટરે પૂછ્યું આવું જ અમારે ભણવામાં આવે છે પણ ડૉક્ટર સાહેબ તમારી પાસે જો સમય હોય તો અમને વધારે ઉંડાણમાં કમળા વિશે કંઇ કહી શકશો? ડૉક્ટરે કહ્યું તને રસ છે તો હું કહું કે કમળામાં હીપેટાઈટીસ - એ, હીપેટાઈટીસ-બી, હીપેટાઈટીસ-સી, હીપેટાઈટીસ-ઈ સામાન્ય રીતે હીપેટાઈટીસ-એ, હીપેટાઈટીસ-સી અને હીપેટાઈટીસ-ઈ એ દરેકમાં જોખમ તો હોય જ છે પણ હીપેટાઈટીસ-બી જેને સામાન્ય રીતે લોકો ઝેરી કમળો કહે છે. જેના લીધે શરીરના બધા જ અવયવો ખાસ કરીને કીડની, બ્રેઈન અને હાર્ટ એની ઉપર અસર થાય છે અને જેના લીધે

અનુસંધાન પાના નં. ૭ પર

# એશિયન વિકાસ બેન્કનું મુખ્યાલય ક્યાં આવેલ છે?



## ખજાનો

અનિલ પટેલ

### આંતરરાષ્ટ્રીય સંગઠનો

(૧) જીનિવા સ્થિત આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૦૦ (બ) ૧૯૧૯
(ક) ૧૯૩૦ (ડ) ૧૯૩૫

(૨) ૧૯૪૫ માં શરૂ કરાયેલ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) જીનિવા (બ) ન્યૂયોર્ક
(ક) વોશિંગ્ટન (ડ) મેલબર્ન

(૩) યુનેસ્કોનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) પેરિસ (બ) રોમ
(ક) વેટીકન (ડ) બર્મિંગહામ

(૪) આંતરરાષ્ટ્રીય સામુહિક વ્યાપાર સંગઠનનું મુખ્યાલન કયાં આવેલ છે?
(અ) મુંબઈ (બ) વિયેના
(ક) ટોકિયો (ડ) લંડન

(૫) વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠનની સ્થાપના કરારે કરવામાં આવી હતી?
(અ) ૧૯૪૫ (બ) ૧૯૫૧
(ક) ૧૯૬૦ (ડ) ૧૯૬૫

(૬) સર્વદેશીય ટપાલ સંઘ (UPU) ની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૪૫ (બ) ૧૯૪૮
(ક) ૧૯૫૦ (ડ) ૧૯૫૨

(૭) સર્વદેશીય ટપાલ સંઘનું મુખ્યાલય કયાં આવેલ છે?
(અ) જીનિવા (બ) રોમ
(ક) વિયેના (ડ) પેરિસ

(૮) યુરોપીય સંઘ (EU) નું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) પેરિસ (બ) જીનિવા
(ક) હેગ (ડ) બ્રસેલ્સ

(૯) આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્યાલય કયાં આવેલ છે?
(અ) રોમ (ઈટલી) (બ) બ્રસેલ (બેલ્જિયમ)
(ક) હેગ, નેધરલેન્ડ (ડ) જિનિવા (સ્વિત્ઝલેન્ડ)

(૧૦) ઈન્ટરપોલની સ્થાપના કયારે કરવામાં આવી હતી?
(અ) ૧૯૨૦ (બ) ૧૯૨૩
(ક) ૧૯૨૫ (ડ) ૧૯૩૦

(૧૧) આરબ લીગનું મુખ્યાલય કયાં આવેલ છે?
(અ) કાહિરા (બ) દોહા
(ક) કતાર (ડ) દુબઈ

(૧૨) એશિયન વિકાસ બેન્કનું મુખ્યાલય કયાં આવેલ છે?
(અ) મુંબઈ (ભારત) (બ) મનીલા (ફિલીપાઈન્સ)
(ક) કાઠમંડુ (નેપાલ) (ડ) ઈસ્લામાબાદ (પાકિસ્તાન)

(૧૩) ૧૯૪૯માં શરૂ થયેલ નાટો (NATO) નું મુખ્યાલય કયાં છે?
(અ) પેરિસ (બ) લંડન
(ક) ગ્લાસ્ગો (ડ) બ્રસેલ્સ

(૧૪) ૧૯૬૭માં સ્થપાયેલ વિશ્વ બૌદ્ધિક સંપત્તિ સંગઠનનું મુખ્યાલય કયાં છે?
(અ) જીનિવા (બ) નૈરાબી
(ક) પેરિસ (ડ) વોશિંગ્ટન

(૧૫) યુરોપિયન અંતરીક્ષ એજન્સી (ESA) ની સ્થાપના કયારે કરવામાં આવી?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૫
(ક) ૧૯૮૦ (ડ) ૧૯૮૫

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૨ મે ૧૯૦૧ : સર ક્રિસ્ટોફર હિટસન :** ઈંગ્લીશ એન્જીનીયર. બ્રિટીનમાં ન્યુક્લિયર એનર્જી ઈન્ડસ્ટ્રીઝ શરુ કરનાર.
- **૧૨ મે ૧૮૮૫ : વિલિયમ ફ્રાન્સિસ ગ્યુક :** કેનેડીયન - અમેરીકન ફીઝીકલ કમિસ્ટ, ૧૯૪૯માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- **૧૩ મે ૧૮૫૭ : સર રોનાલ્ડ રોસ :** ઈંગ્લીશ ફીઝીશીયન તથા બેકટેરીયોલોજીસ્ટ, અનોફિલીસ મચ્છર દ્વારા મેલેરિયા ફેલાય છે તેવું સંશોધન કરનાર.
- **૧૩ મે ૧૮૫૪ : વ્યેસ ડેલાગે :** ફ્રેન્ચ ગુઓલોજીસ્ટ, ફિઝિયોલોજી અને એનાટોમી પર વિશેષ કામ કરનાર.
- **૧૪ મે ૧૮૬૩ : જહોન ચાર્લ્સ ફીલ્ડ :** અમેરીકન ગણિતશાસ્ત્રી, ફિલ્ડ મેડલ વિજેતા
- **૧૪ મે ૧૮૧૫ : જયોર્જ ફોવરનેસ :** ઈંગ્લીશ કેમીસ્ટ, બેન્ઝોલીન અને ફરફંરીન બનાવનાર
- **૧૫ મે ૧૮૫૯ : પિયર ક્યુરી :** ફ્રેન્ચ ફીઝીકલ કેમિસ્ટ, ૧૯૦૩માં રેડિયોએક્ટીવ તત્વની શોધ બદલ નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- **૧૫ મે ૧૮૫૭ : વિલિયમીના પી. ફલેમીંગ :** સ્કોટીસ - અમેરીકન મહિલા ખગોળશાસ્ત્રી 'અવકાશમાં વાઈટ ડ્રાફટ'ની શોધ કરનાર.
- **૧૬ મે ૧૮૪૮ : કાર્લ વર્નીકે :** જર્મન ન્યુરોલોજીસ્ટ, ચેતાતંત્ર સંબંધિત રોગો પર સંશોધન કરનાર
- **૧૬ મે ૧૮૬૧ : ઈર્વીન વિગ્ટમાન કોલ્બર્ન :** એમરીકન સંશોધક તથા ગ્લાસ મેન્યુફેંકચરીંગ કરનાર
- **૧૭ મે ૧૮૩૬ : સર જોસેફ નોર્માન લોકીયર :** ઈંગ્લીશ ખગોળશાસ્ત્રી, હિલિયમના શોધક
- **૧૭ મે ૧૮૧૭ : થોમસ ડેવીડસન :** સ્કોટીસ પ્રકૃતિવિદ. 'લેમ્પ સેલ્સ' પર સંશોધન કરનાર
- **૧૮ મે ૧૮૯૧ : રૂડોફ કાર્નેપ :** જર્મન - અમેરીકન ફિલોસોફર સાયન્સની લોજીક અને ફિલોસોફી પર કામ કરનાર
- **૧૮ મે ૧૮૮૯ : થોમસ મિડગ્લે જુનિયર :** અમેરિકન એન્જીનીયર અને કેમિસ્ટ ટ્રેટાઈથાઈલ લેડની સક્રિયતા પર સંશોધન કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કુમાર વિશ્વાસના મુદ્દે આમ આદમી પાર્ટીમાં કયા નેતાનો રાજકીય ભોગ લેવાયો ? જવાબ : અમન્તુલાહ ખાન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જ. સાયન્સ કૉલેજ (૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૫) હાર્દિક આર. પરમાર : સે-૨૪ (૬) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસીડન્સી, ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કુમાર વિશ્વાસના મુદ્દે આમ આદમી પાર્ટીમાં કયા નેતાનો રાજકીય ભોગ લેવાયો ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**


**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) ક (૩) અ (૪) ડ (૫) બ (૬) બ (૭) બ (૮) ડ (૯) ક (૧૦) બ (૧૧) અ (૧૨) બ (૧૩) ડ (૧૪) અ (૧૫) બ

# કળિયુગની મલીનતાને હરનારું - ચરિત

ત્યાર પછી જાંબવાનની સલાહ હનુમાનને ગમી ગઈ. હનુમાને સીતાને મળીને જ પાછા ફરવાનો સંકલ્પ કર્યો. સમુદ્ર માર્ગે પ્રણાય કર્યું. સુરસા રાક્ષસીએ એને ગ્રસી જવા પ્રયત્ન કર્યો. પણ એ ન ફાવી. લંકામાં નાના



જંતુના સ્વરુપમાં પ્રવેશ કર્યો. બધા ભવનો એ જોવા લાગ્યા. આમાં એક ભવન હરિ મંદિર જેવું હતું. હનુમાન વિપ્રના વેશમાં ત્યાં પહોંચ્યા. એ વિભીષણ હતો. રામસ્મરણ કરતો હતો. એણે સીતાનું સ્થાન બતાવ્યું. અસલ સ્વરુપમાં આવીને, હનુમાન ત્યાં પહોંચી ગયા. અશોક વૃદ્ધ નીચે બેઠેલી હતી. તે વૃક્ષ ઉપર બેસી ગયા. એવામાં રાવણ આવ્યો અને પોતાને વશ થવા કહ્યું. સીતા તણખલું આડું કરીને ફરી ગી. એને નિર્લજ અને અધમ કહ્યો. રાવણને એનો વધ કરવો હતો, પણ મંદોદરીએ એને અટકાવ્યો. એક માસના અવધિ આપીને, તે પાછો ફર્યો. મુખ્ય રાક્ષસી વડીલ ત્રિજટા હતી. એણે આશ્વાસન આપ્યું કે મને રાવણવધનું સ્વપ્ન આવ્યું છે; નિશ્ચિત રહે.



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

ત્રિજતા જતી રહી પછી હનુમાને મુદ્રિકા નીચે નાખી. સીતા, રામની મુદ્રિકા જોઈ, નવાઈ પામી. હનુમાન પ્રગટ થયા. રામનો સંદેશ કહ્યો, 'મારું મન તારી પાસે જ છે.' સીતાને આશ્વાસન મળ્યું. હનુમાનને ભૂખ લાગી હતી, એટલે એ બહાને અશોકવાટીકા ઉખાડવા લાગ્યા. પરંતુ ઈન્દ્રજીતના બ્રહ્મબાણને માન આપવા બંધાઈ ગયા. રાવણની સભામાં એણે કહ્યું, 'સીતાને સોંપી દે.' રાવણને વિભિષણે અટકાવ્યો કે દૂતનો વધ ન થાય એટલે સજા કરવા, એની પૂંછ ઉપર આગ લગાવી. હનુમાને આનાથી આ આગ લંકામાં ફેલાવી. સમુદ્રમાં પડીને બુઝાવી દીધી. હવે સીતા પાસે આવીને વિદાય માગી. સીયાએ પોતાની સ્મૃતિ માટે માટે ચૂડામણિ ઉતારીને આપ્યો.

મધુવનમાં વાનરો આનંદકિલ્લો કરતા હતા; તેથી સુગ્રીવે રામને કહ્યું કે હનુમાન આવી ગયા લાગે છે. એક સ્ફટિકની શીલા ઉપર રામલક્ષ્મણ બેઠા હતા, ત્યાં હનુમાન આવ્યા. ચૂડામણિ રામે છાતી સરસો ચાંપ્યો, સીતાની સ્થિતિ વિષે સાંભળીને, એનો સંદેશો સાંભળીને, રામની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. મંદોદરી અને સચિવ માસ્યવાને રાવણને સમજાવ્યું કે સીતાને સોંપી દેવી જોઈએ. પરંતુ એ માન્યો નહીં. 'એક મરકટના ઉધમાતથી ડરા જવાનું?'

વિભીષણ રામ પાસે આવતો હતો. રામે બધાને દઢતાપૂર્વક કહી દીધું કે કોઈ અધમ મનુષ્ય પણ મારી શરણમાં આવે, તો જીવનપર્યન્ત સ્વીકારી લઉં. વિભિષણ રામને પગે પડ્યો. રાવણનો ગુપ્તચર શુક પકડાયો. રામે તેને પણ જવા દીધો. ગુપ્તચરે રાવણને લક્ષ્મણનો પત્ર આપ્યો. એણે પણ રાવણને કહી જોયું કે રામને જીતવા મુશ્કેલ છે.

સાગર કિનારે વાનરસેના આવી ગઈ. ત્રણ દિવસ સુધી રામ બેસી રહ્યા, પણ સાગરમટે આવી ગઈ. ત્રણ દિવસ સુધી રામ બેસી રહ્યા, પણ સાગરે માર્ગ ન આપ્યો, હવે રામ શરસંધાન કર્યું, 'સાગર સુકાઈ જાય.' સાગર વિપ્રના વેશમાં પ્રગટ થયો રામને પ્રમાણ કર્યા અને કહ્યું કે આ નલ અને નીલ મારા પર સેતુ બાંધી શકશે. વિદાય લઈને તે પોતાના ભવનમાં જતો રહ્યો.

(આ ચરિત કળિયુગની મલીનતાને હરનારું છે. તુલસી દાસે પોતાની મતિ પ્રમાણે ગાયેલું છે.)